રાજ્યનાં કાયમી ધોરણે બંધ થયેલ
વીજ જોડાણોવાળા ગ્રાહકો/બીન
ગ્રાહકોના બાકી લ્હેણાની વસુલાત
માટેની "માફી યોજના-૨૦૧૭"

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૧૭૦-ક૧,
સચિવાલય, ગાંધીનગર
તારીખ: 12 OCT 2017

**<u>પ્રસ્તાવના:</u>**

ગુજરાત રાજ્યમા વર્ષો અગાઉ તમામ ગામડાઓનું વીજળીકરણ પૂર્ણ થઈ ગયેલ છે અને "જ્યોતિગ્રામ યોજના" ના સફળ અમલીકરણ થકી કૃષિ સિવાયના તમામ વર્ગના વીજ ગ્રાહકોને ૨૪ કલાક થ્રી ફેઝ સાતત્યપૂર્ણ અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવામાં આવી રહેલ છે જ્યારે કૃષિ વીજ ગ્રાહકોને ૮ (આઠ) કલાક માટે થ્રી ફેઝ અને બાકીના સમય માટે સીંગલ ફેઝ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવી રહેલ છે.

આમ છતાં, રાજ્યના ઘણા પ્રજાજનોના વીજ જોડાણો વીજ બીલના નાણાં ભરપાઇ કરવાનાં બાકી રહી જવાનાં કારણે કે અન્ય કારણોસર કપાઇ જતા હોય છે. આવા કાયમી ધોરણે કપાઇ ગયેલા (પી. ડી. સી.) વીજ ગ્રાહકો/બીન ગ્રાહકોની લ્હેણી રકમની વસુલાત માટેના વિવિધ અદાલતોમાં દાખલ કરવામાં આવેલા દિવાની દાવાઓ મોટા પ્રમાણમાં પડતર રહેલા છે. આ ઉપરાંત ગુજરાત વીજ અધિનિયમ-૨૦૦૩ ની કલમ-૧૩૫ હેઠળ નોંધાયેલા અને ખાસ અદાલતોમાં દાખલ કરાયેલા વીજ ચોરીના કેસોનું પ્રમાણ પણ વધુ છે. આમ બહોળા પ્રમાણમાં અનિર્ણિત રહેલા દાવાઓના કારણે એક તરફ સંબંધિત વ્યક્તિઓ વીજ જોડાણથી વંચિત રહે છે અને બીજી તરફ વીજ કંપનીઓના કર્મચારીગણના કિમતી સમયનો દુર્વ્યય થતો હોવા છતાં પણ બાકી લ્હેણી રકમની પૂરેપૂરી વસુલાત થઈ શકતી નથી.

આ સમસ્યાના નિવારણ માટે અને રાજ્યના તમામ લોકોને વીજળીની સુવિધા મળી રહે તે માટે અને સાથોસાથ વીજ વિતરણ કંપનીઓ તેમની બાકી લ્હેણી રકમની એકી સાથે અને ઝડપથી વસુલાત કરી શકે તે માટેની "માફી યોજના-૨૦૧૭" જાહેર કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:</u>**

આથી રાજ્ય સરકાર દ્વારા પુખ્ત વિચારણાના અંતે રાજ્યમાં વીજ બીલની બાકી રકમને કારણે વીજ જોડાણથી વંચિત તમામ પ્રકારના વીજ ગ્રાહકો/બીન ગ્રાહકોને વીજ જોડાણની સુવિધા મળી રહે અને સાથોસાથ વીજ વિતરણ કંપનીઓ તેમની લ્હેણી રકમ પૈકીની નોંધપાત્ર રકમ એકી સાથે અને ઝડપથી વસુલ કરી શકે તે હેતુથી "માફી યોજના-૨૦૧૭" જાહેર કરવાનું ઠરાવવામાં આવે છે.

આ યોજનામાં કાયમી ધોરણે કપાયેલ વીજ જોડાણવાળા ગ્રાહકો, વીજ અધિનિયમ-૨૦૦૩ની કલમ-૧૩૫ હેઠળ ફક્ત પ્રથમ વખત વીજ ચોરીના ગુના સબબ કાયમી ધોરણે કપાયેલ વીજ

જોડાણવાળા ગ્રાહકો, પડતર દિવાની દાવાઓ અને મુદત બહારના કેસોવાળા ગ્રાહકો અને બિન ગ્રાહકોને આવરી લેવાના રહેશે.

**<u>માફી યોજના-૨૦૧૭ ના માપદંડો/ધારાધોરણો/શરતો નીચે મુજબ રહેશે:</u>**

૧. માફી યોજના-૨૦૧૭ નો વ્યાપક પ્રમાણમાં પ્રજાજનો લાભ લઈ શકે તે માટે સંબંધિત વીજ વિતરણ કંપનીઓએ તેમના વિસ્તારના બહોળી પ્રસિદ્ધિ ધરાવતા ગુજરાતી દૈનિક પત્રોમાં યોજનાની જાહેરાત કરવાની રહેશે.

૨. આ યોજના ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખ થી ત્રણ માસ સુધી અમલમાં રહેશે.

૩. આ યોજના તેવા તમામ વર્ગના ગ્રાહકો અને બીન ગ્રાહકો, કે જેમના વીજ જોડાણ તા.૩૧/૦૮/૨૦૧૭ કે તે પહેલાં કાયમી ધોરણે બંધ થયેલ હોય તેમને લાગુ પડશે.

૪. જેમનું વીજ જોડાણ કાયમી ધોરણે બંધ થયેલ હોય એવા ગ્રાહકો અને બિન-ગ્રાહકો, જેમની સામે વીજ અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ પ્રથમ વારની વીજ ચોરીના કેસ નોંધવામાં આવેલ હોય, પડતર દિવાની દાવાઓના કેસ, મુદત બહારના કેસ તેમજ પાછલી બાકી લ્હેણી રકમની વસુલાતના દાવા જે હજુ દાખલ કરવાના બાકી છે તેવા ગ્રાહકો અને બિન-ગ્રાહકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

૫. જે ગ્રાહકો સામે વીજ અધિનિયમ, ૨૦૦૩ ની કલમ-૧૩૫ હેઠળ, બીજી વખત અથવા ત્યારબાદની વીજ ચોરી અંગેની ફરીયાદ નોંધવામાં આવેલ હોય એવા ગ્રાહકોને આ યોજનાનો લાભ મળી શકશે નહીં.

૬. ઘર વપરાશના વીજ ગ્રાહકો (બી. પી. એલ. અને નોન બી. પી. એલ.) તેમજ ખેતીવાડી વીજ ગ્રાહકો, તેમના બાકી વીજ બીલની **મુળ રકમના** ૫૦ ટકા રકમ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી ત્રણ માસની અંદર પૂરેપૂરી ભરશે તો તેઓ પાસેથી લ્હેણી થતી વ્યાજની પૂરેપૂરી રકમ અને મુળ રકમ નાં ૫૦ ટકા રકમની માફી મળવાપાત્ર થશે.

૭. શરત નં.૬ માં દર્શાવ્યા સિવાયના તમામ વીજ ગ્રાહકો એટલે કે વાણિજ્યિક, ઔદ્યોગિક અને વોટર વર્ક્સના વીજ ગ્રાહકો તથા તમામ કક્ષાના બીન ગ્રાહકો, તેમની બાકી વીજ બીલની મૂળ રકમ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી ત્રણ માસની અંદર પૂરેપૂરી ભરશે તો જ તેમની પાસેથી લ્હેણી થતી વ્યાજની પૂરેપૂરી રકમની માફી મળવાપાત્ર થશે.

૮. વીજ અધિનિયમ, ૨૦૦૩ ની કલમ ૧૩૫ હેઠળ નાં પ્રથમ વખત નાં વીજચોરી ના કિસ્સાવાળા ગ્રાહક / બીન ગ્રાહકોએ લાગુ પડતા કંમ્પાઉન્ડીંગ ચાર્જની પુરેપુરી રકમ ભરવાની રહેશે.

૯. માફી યોજના-૨૦૧૭ નો લાભ તમામ કક્ષાના વીજ ગ્રાહકો/બીન ગ્રાહકો કે જેમના વીજ જોડાણો કાયમી ધોરણે કપાયેલા છે અને જેમના બાકી વીજ બીલની રકમ રૂ. ૧ (એક) કરોડ કે તેથી ઓછી રકમની છે તેવા વીજ ગ્રાહકો / બિન ગ્રાહકોને જ મળવાપાત્ર રહેશે.

૧૦. માફી યોજના અંતર્ગત ભરવાપાત્ર રકમ ગ્રાહક / બિન-ગ્રાહક દ્વારા યોજનાની સમયમર્યાદામાં એકસાથે અથવા વીજ વિતરણ કંપનીઓના અધિકૃત અધિકારીને વાજબી લાગશે તેવા કેસોમાં મંજૂરી આપ્યા બાદ વધુમાં વધુ ત્રણ સમાન હપ્તામાં ભરપાઇ કરવાની રહેશે.

૧૧. માફી યોજના હેઠળ, નિયત રકમની પૂરેપૂરી ચુકવણી થાય ત્યાર પછી જ, સંબંધિત ગ્રાહક/ બિન-ગ્રાહકને, (જ્યાં લાગુ પડતુ હોય ત્યાં) વિલંબિત ચુકવણીનો ચાર્જ અને વ્યાજની માફી મળવાપાત્ર થશે.

૧૨. આ "માફી યોજના" નો લાભ લેવા ઇચ્છતા હોય તેવા પાત્રતા ધરાવતા નિમ્ન દબાણવાળા અને ઉચ્ચ દબાણવાળા ગ્રાહકોએ સંબંધિત વિભાગીય કચેરીઓમાં નિયત નમૂનાનું અરજીપત્રક કે જે સંબંધિત વીજ વિતરણ કંપનીઓ દ્વારા પુરૂં પાડવામાં આવશે, તેમાં જ અરજી કરવાની રહેશે. માફ કરવામાં આવેલ રકમ બાબતે સંબંધિત વીજ વિતરણ કંપનીઓ દ્વારા ગ્રાહકોને જાણ કરવાની રહેશે અને ગ્રાહક ઇચ્છે તો લાગુ પડતા ખર્ચની ચૂકવણી કરીને તેમને નવું વીજ જોડાણ આપવાનું રહેશે. ગ્રાહકો આ વિગતો સંબંધિત વીજ કંપનીઓની વેબ સાઇટ પરથી મેળવી શકે અને અપલોડ કરી શકે તેવી સુવિધા વીજ કંપનીએ ઉપલબ્ધ કરાવવાની રહેશે.

૧૩. આ યોજના હેઠળ સંબધિત ગ્રાહક/ બિન ગ્રાહકને લાગુ પડતી પેટા વિભાગીય/ વિભાગીય કચેરીએ અરજી મળ્યા તારીખથી ૧૦ દિવસમાં ગ્રાહકે ભરવાની થતી રકમની જાણ પત્ર/કુરીયર/હાથોહાથ, જે લાગુ પડતુ હોય તેના દ્વારા ગ્રાહકને કરવાની રહેશે. નિયત સમય મર્યાદામાં કોઈ ગ્રાહક/ બિન ગ્રાહકને આવો પત્ર ન મળે તો તેઓએ પોતાના હિતમાં સંબંધિત કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

૧૪. ચેકથી રકમની ચૂકવણીના કિસ્સામાં બેન્કની સ્થાનિક શાખાનો જ ચેક સ્વીકારવામાં આવશે. ચેકની સ્વીકૃતિની તારીખને નાણાં મળ્યાની તારીખ ગણવામાં આવશે, જે ચૂકવણીની છેલ્લી તારીખ સુધીની હોવી જોઈશે.

૧૫. ચેકના અસ્વીકારના કિસ્સામાં સંબંધિત ગ્રાહક/ બિન ગ્રાહકે આ યોજનામાં ભાગ લીધેલ નથી તેમ માનવામાં આવશે અને તેમની સામેનો વીજ વિતરણ કંપનીનો લ્હેણી રકમ અંગેનો અસલ દાવો યથાવત રહેશે.

૧૬. કપાયેલ વીજ જોડાણવાળા ગ્રાહક તેમનું વીજ જોડાણ પુન: સ્થાપિત કરાવવા ઈચ્છતા હોય અથવા નવું વીજ જોડાણ મેળવવા ઈચ્છતા હોય તો તે અંગેની સામાન્ય પ્રક્રિયા અને દરો લાગુ પડશે.

૧૭. આ માફી યોજનાનો સ્વીકાર કરનાર ગ્રાહક/ બિન ગ્રાહક દ્વારા યોજના અંતર્ગત નિયત થયેલ રકમનું ચૂકવણું કરાતાં વીજ વિતરણ કંપની દ્વારા તેઓ સામે કરાયેલ કેસો પાછા ખેંચી લેવામાં આવશે અને આ દિવાની દાવાઓ પેટે વીજ કંપનીઓએ ચૂકવેલ વકીલની ફી તથા કોર્ટ સ્ટેમ્પ ફીની રકમ સંબંધિત ગ્રાહકો પાસેથી વસુલવાની રહેશે નહીં.

૧૮. ગ્રાહક/ બિન ગ્રાહકે વીજ વિતરણ કંપનીની સામે કરેલ કેસ કોર્ટમાં પડતર હોય તેવા કિસ્સામાં સંબંધિત વીજ ગ્રાહક/ બિન ગ્રાહકે વીજ વિતરણ કંપની દ્વારા માફી યોજના અંતર્ગત તેમની અરજી સ્વીકારવામાં આવશે કે તુરત જ વીજ વિતરણ કંપની સામેનોતેમનો કેસ પાછો ખેંચી લેશે તેવું રૂ.૧૦૦/- ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર નોટરી પાસે નોંધાયેલ કબૂલાતનામું આપવાનું રહેશે અને આ યોજનાનો લાભ મેળવવા સંબંધિત વીજ ગ્રાહક/ બિન ગ્રાહકે વીજ વિતરણ કંપની સામેના કેસો પરત ખેંચી, લેવા ત્વરિત કાર્યવાહી કરવાની રહેશે. આ અંગે સંબંધિત ગ્રાહક/બિન ગ્રાહકોએ વીજ વિતરણ કંપનીને સંપૂર્ણ સાથ અને સહકાર આપવાનો રહેશે.

૧૯. ભૂતકાળમાં આખરી થઈ ગયેલ કોઈ પણ કેસની આ યોજના હેઠળ સમીક્ષા થઈ શકશે નહીં, આ યોજના માત્ર આગામી સમયથી જ લાગુ પડશે.

૨૦. કોઈ કિસ્સામાં આ યોજના હેઠળ રાહત મેળવવા અંગેની પાત્રતા કે અન્ય બાબત અંગે સંબંધિત વીજ વિતરણ કંપનીના વહીવટી સંચાલકનો નિર્ણય આખરી રહેશે જે ગ્રાહકો/બિન ગ્રાહકોને બંધનકર્તા રહેશે.

૨૧. આ યોજનાના અમલીકરણના ભાગરૂપે વીજ ગ્રાહક પાસેથી બાકી વીજ બીલ પેટે જે રકમ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ/વીજ વિતરણ કંપનીઓને મળશે તેમાંથી રાજ્ય સરકારે વસુલવાપાત્ર વીજ કરની પ્રમાણસર રકમ નિગમે રાજ્ય સરકારમાં ભરપાઇ કરવાની રહેશે.

૨૨. કોઇ પણ કારણ દર્શાવ્યા વગર કોઇ પણ અરજી મંજૂર અથવા નામંજુર કરવાનો અધિકાર સંબધિત વીજ વિતરણ કંપનીઓ દ્વારા બનાવવામાં આવેલ સમિતીનો રહેશે.

૨૩. આ યોજનાનાં અમલીકરણ માટે માફ/માંડવાળ કરવાની થતી મુળ/મુદ્દલ રકમ તેમજ આ યોજના હેઠળ માફ/માંડવાળ કરવાની થતી કુલ વિલંબિત ચાર્જ અને વ્યાજની પુરેપુરી રકમ માટે નામદાર ગુજરાત વીજ નિયમન પંચ સમક્ષ GUVNL / વીજ વિતરણ કંપનીઓએ પીટીશન કરી જરૂરી મંજૂરી મેળવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૦૬/૧૦/૨૦૧૭ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ. સી. પટેલ)
સરકારનાં નાયબસચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સચિવશ્રી, ગુજરાત વીજ નિયમન આયોગ, ગીફ્ટ સીટી, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સૂરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- નાણાં સલાહકારશ્રી (ઉર્જા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય વિદ્યુત નિરીક્ષક અને વિદ્યુત શુલ્ક સમાહર્તાશ્રી, ઉદ્યોગભવન, ગાંધીનગર
- પસંદગી ફાઇલ
- ના.સે.અધિ. અંગત ફાઇલ